શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૧
અંક : ૫

**સારૂ આરોગ્ય અને સુખકારી :**

વર્ષ ૨૦૩૦ સુધીમાં આરોગ્યપ્રદ જીવન સુનિશ્ચિત કરવું અને તમામ લોકોની સુખાકારીને પ્રોત્સાહન.

૩.૧ વૈશ્વિક માતા મૃત્યુદરને ઘટાડીને પ્રતિ ૧ લાખ જીવંત જન્મએ ૭૦ સુધી પહોંચાડવો.

૩.૨ ૫ વર્ષથી ઓછી વયના બાળકો અને નવજાત મૃત્યુદરને ઘટાડીને પ્રતિ જીવંત જન્મદીઠ ૧૨ અને ૫ વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુદર પ્રતિ ૧૦૦૦ જીવંત જન્મદીઠ ૨૫ સુધી નીચે લાવવો.

૩.૩ એઈડસ, ક્ષયરોગ, મેલેરિયા તથા ઉષ્ણ કટિબંધના અવગણાયેલા રોગોના ફેલાવાનો અંત આણવો તેમજ હિપેટાઈટિસ, પાણીજન્ય રોગો તથા અન્ય ચેપી રોગો સામે લડત.

૩.૪ પ્રતિરોધ તેમજ ઉપચાર દ્વારા બિનચેપી રોગોથી થતા અકાળે મૃત્યુના પ્રમાણમાં એક તૃતિયાંશ જેટલો ઘટાડો કરવો અને માનસિક આરોગ્ય તથા સુખકારીને પ્રોત્સાહીત કરવી.

૩.૫ નશીલા પદાર્થોથી થતી હિંસા અને આલ્કોહોલના હાનિકારક ઉપયોગ સહિત માદક દ્રવ્યોની અસર તળે હુમલાની રોકથામ અને ઉપચારને સુદઢ બનાવવા.

૩.૬ માર્ગ વાહનવ્યવહાર અકસ્માતોમાં થતા વૈશ્વિક મૃત્યુ અને ઈજાઓનું પ્રમાણ ઘટાડીને અડધું કરી દેવું.

૩.૭ કુટુંબ નિયોજન, માહિતી અને શિક્ષણ સહિત જાતિય અને પ્રજનન આરોગ્યલક્ષી સેવાઓ સુધી વૈશ્વિક પહોંચ સુનિશ્ચિત કરી પ્રજનન આરોગ્યનું રાષ્ટ્રીય વ્યુહરચના અને કાર્યક્રમોમાં જોડાણ કરવું.

૩.૮ નાણાકીય જોખમ સહિત વૈશ્વિક આરોગ્ય આવરણ, ગુણવતાસભર આવશ્યક આરોગ્યલક્ષી સેવાઓ સુધી પહોંચ, તમામ માટે સુરક્ષિત, અસરકારક, ગુણવતાશીલ અને પોષાય તેવી આવશ્યક ઔષધિઓ અને રસીઓ સુધી પહોંચ પ્રાપ્ત કરવી.

૩.૯ ઘાતક રસાયણો, હવા, પાણી તથા જમીનના પ્રદૂષણ વગેરેના દૂષિત થવાને કારણે રોગશાળા અને મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવો.

૩.૧૦ તમામ દેશોમાં તમાકુ નિયંત્રણ અંગેના વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ફ્રેમવર્ક કન્વેન્શનના અમલીકરણને શકય હોય તે રીતે સુદઢ બનાવવું.

૩.૧૧ મુખ્યત્વે વિકાસશીલ દેશોને પ્રાથમિક રીતે અસર કરતા ચેપી તથા બિન ચેપી રોગો માટે ઔષધિઓ અને રસીઓના સંશોધન અને વિકાસને સહાયભૂત થવું, ટ્રિપ્સ એગ્રિમેન્ટ એન્ડ પબ્લિક હેલ્થ અંગેના દોહા ઘોષણાપત્ર અંગેના કરાર અંતર્ગત પોષાય તેવી આવશ્યક ઔષધિઓ અને રસીઓ સુધી પહોંચ પૂરી પાડવી.

**સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો**

*તમારી જીંદગી 'ફાઈન' છે, તો સમજવું તેમાં હરીની 'સાઈન' છે.*

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૬/૦૬/૨૦૧૯ ના રોજ ૧૫ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસુચિ**

૧. ગત મીટીંગની કાર્યવાહી નોંધને મંજુરી.

૨. વાર્ષિક હિસાબ અંદાજપત્ર અને અહેવાલને બહાલી આપવા બાબત.

૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવી.

૪. સંસ્થાની પોલીસી (નીતિ)ની સમીક્ષા અને તેમાં વ્હિસલ બ્લોઅરનો પોલીસીમાં સમાવેશ કરવા બાબત.

૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

સ્થળ : અમરેલી સહી..

તા. ૨૮/૦૫/૨૦૧૯ પ્રમુખ

## ખાસ નોંધ

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ સંસ્થાના કાર્યાલયે શ્રી ભરત વાળાને પહોચાડવા વિનંતી છે.

## વાર્ષિક મીલન

સંસ્થા સાથે જોડાયેલ સંગઠનો હરિરાજ, મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી., અવિરત, ગીર ફાર્મ્સ, જાફરાબાદ અને સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની લી., અન્ય સાથી તેમજ સહયોગી સંસ્થાઓ વ્યકિતઓ, લક્ષિત સમૂહના સભ્યો, સંસ્થાનો સ્ટાફ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સાથે મળી સંસ્થાની કામગીરીની સમીક્ષા તેમજ લક્ષિત સમૂહની તકલીફો સમજવામાં તથા આ સમૂહને તેના ઉકેલની દિશામાં લઈ જવામાં ઉપયોગી થાય તે માટે દર વર્ષે વાર્ષિક મીલન યોજવામાં આવે છે. આ વર્ષે આ મીલન તારીખ ૧૬/૦૬/૧૯ ના રોજ સવારના ૧૦ કલાકે કાર્યાલયે રાખવામા આવેલ છે. તો તમામ સાથી મિત્રો/સંસ્થાઓ તથા શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / ઉપયોગી સૂચનો તથા માર્ગદર્શન મળી રહે તે આ સંમેલનનો મુખ્ય ઉદેશ છે.

## પ્રિય વાચક મિત્રો,

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

**આંગળી હંમેશા એ જ ઉઠાવે છે, જેની આંખ મેળવવાની ઓકાત હોતી નથી.**

**વર્મિકમ્પોસ્ટીંગ માટે પાયાની ગોઠવણી માટેના એકમોઃ**

૧. કમ્પોસ્ટીંગ માટેની જગ્યા છાંયડામાં હોવી જોઈએ.તેમજ તેની જમીન ઉંચાણ ઉપર અને સમતળ હોવી જોઈએ.

૨. અળસિયાઓને રહેવા, ખાવા અને પ્રજોત્પતિ માટે અનુકૂળ વાતાવરણ પુરુ પાડવું જોઈએ, ૩.વર્મિબેડમાં યોગ્ય ભેજ અને તેનો તટસ્થ પીએચ આંક જાળવવો જોઈએ,

૪. વર્મિકમ્પોસ્ટ સમયાતંરે કાઢવાની અને નવો સેન્દ્રિય પદાર્થ ઉમેરવા માટેની યોગ્ય વ્યવસ્થા રાખવી જોઈએ.

**વર્મિકમ્પોસ્ટીંગ બનાવવાની રીત :**

સૌપ્રથમ જમીન ઉપર તાજું અથવા કોહવાયેલાં છાંણનું આછું સ્તર પાથરવું. આ છાંણની ઉપર ૨૦–૩૦ સે.મી. સુધી ખેતરનો કચરો કે અન્ય કોહવાય શકે એવા સેન્દ્રિય પદાર્થોનો થર કરવો. આ સ્તરની ઉપર ફરીથી છાંણનું થર કરવું. આ રીતે એક યુનિટ તૈયાર થશે. તેની ઉપર પાણીનો છંટકાવ એવી રીતે કરવો જેથી સેન્દ્રિય પદાર્થો ફક્ત ભેજ વાળા થાય નહી કે પાણી વાળા ભીના રહે. જો વર્મિબેંડમાં ઓછો ભેજ હશે તો અળસિયાઓ મૃત્યુ પામશે અને જો વધુ ભેજ હશે તો અળસિયાઓ વર્મિબેડમાંથી દુર જતા રહેશે. આ પ્રમાણે બે થી ત્રણ યુનિટની રચના કરવી. બેડની લંબાઈ શેડની લંબાઈ મુજબ રાખી શકાય, પરંતુ પહોળાઈ ૩ થી ૪ ફૂટ રાખવી જેથી બેડ ઉપર કરવાના કાર્યો સરળતાથી થઈ શકે. તૈયાર બેડ બજાર પણ મળે છે તે પણ રાખી શકાય. બેડમાં ૦.૫ ઘન મીટર વિસ્તારના આધારે ૧૦૦૦–૧૫૦૦ નંગ અળસિયા (આશરે ૧ થી ૧.૫ કિલો) નાખવા. આ ગણતરીના આધારેપોતાના બેડની લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ મુજબ જોઈતા અળસિયાનો જથ્થો નકકી કરી શકાય. ઉપર દર્શાવ્યા મુજબ તૈયાર થયેલ વર્મિબેડને ત્યારબાદ શણનાં કોથળા અથવા નાળિયેરીનાં પાંદડાં અથવા ડાંગર અથવા ઘઉંના પરાળથી ઢાંકી દેવું. આ બધામાં શણનાં કોથળા વપરાવા વધુ અનુકૂળ રહે છે. બેડને ઢાંકી દીધાં બાદ તેના ઉપર દરરોજ સવાર સાંજ તાપમાનનાં આધારે પાણીનો છંટકાવ કરવો. આ છંટકાવ પાણીની પાઈપ દ્વારા, ઝારા દ્વારા અથવાં નાના ફુવારા ગોઠવીને કરી શકાય. અઠવાડીયા પછી વર્મિબેડને ઉથલાવવો જેથી સેન્દ્રિય પદાર્થોનાં કોહવાણને લીધે ઉત્પન્ન થયેલ ગરમી અને હાનિકારક વાયુઓ બેડની બહાર નીકળી જાય અને તાજી હવા બેડમાં દાખલ થાય.





**આપતાં શીખી જાઓ, જગત તમારૂં નામ લેતાં શીખી જશે.**

Equal community foundation(ECF) દ્વારા તા. ૨૯ એપ્રિલ થી ૪ મે સુધીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ECF ૨૦૦૯ કાર્યરત છે. તેમનો પ્રોજેક્ટ રેઈઝ પ્રોગ્રામ ૧૩ થી ૧૭ વર્ષના છોકરાઓ સાથે કરવામાં આવે છે.

તાલીમમાં આવેલા તાલીમાર્થીના પરીચય કરવામાં આવ્યા. આ પ્રોગ્રામમમાં માર્ગદર્શન તત્વ, સકારાત્મક વિચારો, માનવ અધિકાર, લીંગભેદ, લીંગ સમાનતા, પરિવર્તનશીલ દ્રષ્ટિકોણ, મહિલાઓ પ્રતિ હિંસા, ભેદભાવ રોકવા માટેનો હેતુ, પ્રાંસગિક સંદર્ભ, સહભાગી પદ્ધતિ, મહિલા અને છોકરીઓ સાથે કામ કરે અને સ્ટેક હોલ્ડરના સહભાગ વિષેના મુદાની ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રોગ્રામ ત્રણ સ્તરમાં આયોજીત કરવામાં આવ્યું છે જેમાં ગેમ ઈવેન્ટ, મોડુલ્સ અને એકશન પ્રોગ્રામ કરવામાં આવે છે. આ પ્રોગ્રામ ૧૫ અઠવાડીયા સુધી ચાલશે જેમાં અઠવાડીયામાં એક દિવસ બાળકો સાથે કામ કરવાનું હોય છે. જેમાં બાળકોને માનવ અધિકાર તથા લીંગભાવ વિષે સમજાવવામાં આવે છે. બાળકો પાસેથી પ્રશ્નોતરી કરાવવામાં આવે છે જેમાં તેમને લગતી કોઈ સમસ્યા હોય, તેની પૂર્વસ્થિતિ, શું એવું ઘટયું જેના કારણે બદલાવ કર્યો, બદલાવ કર્યો એની તૈયારી શું



**જે ખામીઓનો ખમે, પ્રેમ એને જ નમે.**

હતી, શું બદલાવ કર્યો અને એ તૈયારી માટે શું કર્યુ ? આ બાળકો પાસેથી જાણવામાં આવે છે.
ફેસીલીટેટરની જવાબદારી શું છે?........ ફેસીલીટેટરએ કામની જાણકારી આપવાની તથા કામ પ્રત્યે જાગૃત કરવાની રહે છે. ફેસીલીટેટરએ કામને સરળ બનાવે છે તથા કામ કરવા માટેની સરળ રીત સમજાવે, શીખવા માટે સકારાત્મક વિચારો કામ માટેની અનોખી કળા તથા પદ્ધતિ બનાવે છે.ફેસીલીટેટર એ માનવ અધિકાર વિષે માહિતી આપવાની હોય છે જેમાં ફિલ્ડમાં સમજાવવાનું છે કે માનવ અધિકાર કયાં કયાં પ્રકારના હોય છે જેવી માહિતી આપવી.
સ્વસ્થ સબંધો માટે કેવા ગુણ હોવા જોઈએ તે વિષે ગ્રુપ પાડી ચર્ચા કરવામાં આવી હતી. હિંસા ચાર પ્રકારની હોય છે: ૧. શારીરિક હિંસા, ૨. માનસિક હિંસા, ૩. આર્થિક હિંસા અને ૪. યોનિક હિંસા. આ હિંસા મોટાભાગે મહિલાઓ પર થતી જોવા મળે છે. હિંસાનો સામનો કરવા માટે પણ માનવધિકારનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં સહનશીલ સંચાર, આક્રમણ સંચાર અને દ્રઢ તાપૂર્વક સકારાત્મક પ્રતિક્રિયા વગેરેનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ તાલીમના અંતે દેખરેખ અને મૂલ્યાંકન વિષે સમજાવવામાં આવ્યું હતું જેમાં સ્ટેક હોલ્ડરની વાત કરવામા આવી હતી.છેલ્લે મોનીટરીગ શીટ સમજાવી તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.




*Accept* **કરતાં શીખી જા જીંદગી તને** *Respect* **આપશે.**

## ગુજરાત બાળમંચ સંમેલન

તારીખ ૧૦ થી ૧૩ દરમ્યાન અમદાવાદ મુકામે ગુજરાત બાલમંચ સંમેલનનું આયોજન કરાયુ હતુ. જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને હરીરાજ સંસ્થાના બાળકો અને કાર્યકરોએ ભાગ લીધો હતો. જનકલ્યાણ, સ્વપથ, શૈશવ, જીવનતીર્થ, આગાખાન, બાળ કેળવણી મંદિર, પીકે દેસાઈ સંકુલ, વીએસએસએમ અને ગ્રામ વિકાસ વગેરે સંસ્થાઓ પણ જોડાઈ હતી. દક્ષાબહેન પાસેથી અધિકારો સમજયા જેમાં:

૧. વિકાસ: ભણવાનો, રમવાનો, આરોગ્યનો આ બધામાં બાળકોનો વિકાસ જરૂરી છે.

૨. જીવન જીવવાનો: દરેક બાળકો તેની ઈચ્છા અનુસાર જીવન જીવવાનો અધિકાર હક છે.

૩. સહભાગિતા : બાળ સંગઠનની રચના.

૪. શોષણ સામે રક્ષણ: કોઈ બાળકનું શારીરિક કે માનસિક રીતે શોષણ થતું હોય તો તેની સામે રક્ષણ મેળવવાનો હક છે.

રાજેશભાઈ(સ્વપથ)એ બાળકોને બાળમંચની સમજ ઉભી થાય, વધુ બાળકો જોડાય ભાગીદારી વધે અને સમસ્યાઓનું નિરાકરણ લાવવા પ્રયાસ કરે તેમ જણાવ્યુ હતુ. સંગઠન કેમ બનાવવું, નામ, સભ્યો કોણ, કેટલા અને કયાંથી, સંગઠનના નિયમો બનાવવા, કાર્યક્રમો અને સંગઠનની ઓળખ વગેરે બાબતો સમજવા વિવિધ પધ્ધતિઓના ઉપયોગ કરવામાં આવ્યા હતા.

## સાધારણ સભા

અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. ની વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૬/૬/૧૯ ના રોજ ૧૭ કલાકે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.

૨. વર્ષ ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબ, વાર્ષિક અહેવાલ, અંદાજપત્ર (૧૯–૨૦) તથા આયોજનની મંજુરી બાબત.

૩. વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.

૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના કરવા બાબત.

૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે...

સ્થળ : અમરેલી સહી..
તા. ૨૮/૦૫/૨૦૧૯ મંત્રી/મેનેજર

**ખાસ નોંધ**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે મેનેજરશ્રી મંજુબેન મકવાણાને પહોચાડવા વિનંતી છે.

**આત્મવિશ્વાસનો અર્થ છે, પોતાના કામમાં અતૂટ શ્રધ્ધા.**

## ગ્લોબલ એકશન વીક

વૈશ્વિક સ્તરે પર્યાવરણની જાળવણી સાથે માનવ સમુદાય સહિત તમામ જીવોની સુખાકારી માટે સમાવેશી પ્રયાસો સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો હાંસલ કરવા ચાલી રહેલા પ્રયાસોમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ દ્વારા ગયા વર્ષથી સામુદાયિક સ્તરે સંવાદ રચાય તેવા હેતુથી ગ્લોબલ એકશન વીકની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે "મારૂ શિક્ષણ મારો અધિકાર" એ થીમ ઉપર લોકોમાં જાગૃતિ લાવવા કરી રહેલા પ્રયાસોમાં ગ્રામ્ય સ્તરે પીઆરએ કરી શિક્ષણની સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો છે. તેમજ જીલ્લા કક્ષાએ નીચે મુજબના મુદાઓ ઉપર સંવાદ માટે એક બેઠક યોજવામાં આવી હતી.

૧. દિવ્યાંગ બાળકો/યુવાનોના શિક્ષણ માટે તેમના શિક્ષકોની તાલીમ અને તેને અનુરૂપ માળખાકીય સુવિધાઓ. ૨. લીંગભેદ અને સમાનતાની સાથે લેસ્બીયન, ગે, બાય સેકયુઅલ, ટ્રાન્સજેન્ડર, કયુઈર, ઈન્ટરસેકસ લાઈફ (એલજીબીટીકયુઆઈ) વિગેરેનાં અધિકારોની જાળવણી. ૩. બાળમજૂરો, વંચિત અને ગરીબ સમૂદાયો તેમજ વલ્નરેબલ સમૂહો પર ધ્યાન કેન્દ્રિત કરવું. ૪. સ્થાનિક પરિવારો, સ્થળાંતરીત પરીવારો, શરણાર્થીઓ અને વિદ્યાર્થીઓ. ૫. વિશ્વ શિક્ષક દિવસ ૨૦૧૮ના સુત્ર અનુસાર 'શિક્ષણનો અધિકાર એક લાયક શિક્ષકનો અધિકાર'



**જયાં પ્રયત્નો સખત હોય છે, ત્યાં નસીબને પણ જુકવું પડે છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Mansi Oza | 01.06.1998 |
| Daya Shiyal | 01.06.1999 |
| Vanita Dhundhalava | 01.06.2000 |
| ManjubenMakvana | 01.06.1973 |
| Muljibha Bagada | 01.06.1969 |
| Suresh Gohil | 01.06.1962 |
| Dhirubhai Solanki | 01.06.1980 |
| Balubhai Nagar | 01.06.1991 |
| Khatubhai sarvaiya | 01.06.1981 |
| Govind Bambhaniya | 01.06.1995 |
| Jayesh Dhavar | 01.06.1996 |
| Bharat Shingad | 01.06.1993 |
| Ashok Shelar | 05.06.1975 |
| Prof. J M Talaviya | 06.06.1970 |
| Dolubhai Gohil | 06.06.1978 |
| Mayur karena | 11.06.1997 |
| Yogesh Solanki | 20.06.1997 |

## In this month

| | |
|---|---|
| 13-16 | Bal Adhikar Manch training at Ahmadabad. |
| 15-17 | Programmatic & Agronomic ToT. |
| 18 | LEP review meeting at Bhankodar |
| 28 | Meeting on global action week at Amreli. |
| 31 | Culmination Event, Delhi. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આજ નઈ તો કાલ જીતી જઈશું, બસ મહેનત શરૂ રાખો.**